બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક કર્મચારીઓની નિવૃત્તિ સમયે રજાનું રોકડમાં રૂપાંતર બાબત...

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંક : બમશ/૧૧/૨૦૧૩/૬૮/ગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૬/૩/૨૦૧૩

**વંચાણમાં લીધા :**

૧. નાણા વિભાગના તારીખ : ૧૬/૭/૧૯૯૯ નો ઠરાવ ક્રમાંક : એલવીઈ/૧૦૯૮/૧૦૨૪/પ

૨. નાણા વિભાગના તારીખ : ૨૧/૪/૨૦૦૭ ના જાહેરનામા ક્રમાંક : જીએનૃ૧૪/આરજજેએ/૨૦૦૬/યુઓ/૪૪૪-પી.

૩. નાણા વિભાગનો ઠરાવ તા. ૧૫/૧/૨૦૧૦ નો ઠરાવ ક્રમાક : પીઇઆર/૧૦૦૯/૧૬ પે-સેલ(પી)

૪. નાણા વિભાગનો તારીખ : ૩/૧૦/૨૦૧૨ નો ઠરાવ ક્રમાક : પીજીઆર/૧૦૦૯/૭૫/(પાર્ટ-૧) પે-સેલ(પી)

૫. કમિશ્નરશ્રી, શાળાની કચેરીના તારીખ ૭/૨/૨૦૧૩ ના અ.સ.પત્ર ક્રમાક ઘ/પે-૧/૨૦૫૫૧/૨૫૫૮

**આમુખ :**

કમિશ્નરશ્રી, શાળાઓના વંચાણે લીધેલ ક્રમાંક (૫) સામેના તારીખ : ૭/૨/૨૦૧૩ ના પત્રથી નાણા વિભાગના તારીખ ૧૫/૧/૨૦૧૦ ના ઠરાવ મુજબ નિવૃત્તિ પછી ૩૦૦ રજાઓનું રોકડમાં રૂપાંતરનો લાભ આપવા બાબતે બિનસરકારી માધ્યમિક શિક્ષક સંઘ, બિન સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ દ્વારા કરવામાં આવેલ રજુઆત અંગે માર્ગદર્શન આપવાની દરખાસ્ત સરકારને કરેલ હતી.

નાણા વિભાગનાં તારીખ : ૧૬/૭/૧૯૯૯ ના ઠરાવમાં કરવામાં આવેલી જોગવાઈ મુજબ રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના તમામ શિક્ષકો અને આચાર્યોને ૩૦૦ દિવસની મર્યાદામાં રજાનું રોડકમાં રૂપાંતર કરવાના હુકમો થયેલ છે ત્યારબાદ નાણા વિભાગના તારીખ : ૧૫/૧/૨૦૧૦ તથા તારીખ : ૩/૧૦/૨૦૧૨ ના ઠરાવોના સંદર્ભમાં અમલીકરણ અંગે કેટલાક અર્થઘટનનો પ્રશ્નો ઉપસ્થિત થતાં નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

**સ્પષ્ટતા :**

રાજ્યની સરકારી, બિનસરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તથા જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓના શિક્ષકો તથા આચાર્યો ખાતે જમા પ્રાપ્ત રજા તથા અર્ધપગારી રજાઓનું તેમની નિવૃત્તિ સમયે બંને મળીને કુલ ૩૦૦ દિવસનું રોકડમાં રૂપાંતર કરવા દેવા માટેની

જોગવાઈ કરવામાં આવી છે. આ રોકડમાં રૂપાંતર પ્રાપ્ત રજા તથા જમા રહેલી અર્ધપગારી રજાના અડધા ભાગની રજા એમ બંને મળી કુલ-૩૦૦ (ત્રણસો દિવસ પુરા) દિવસની મર્યાદામાં રજાનું રોકડમાં રૂપાંતર કરવાના નાણા વિભાગના તારીખ : ૧૬/૭/૧૯૯૯ ના ઠરાવ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

આ સ્પષ્ટતા આ વિભાગની સમાનાંકી ફાઈલ ઉપર નાણા વિભાગની તારીખ : ૨૨/૩/૨૦૧૩ ની નોંધથી મળેલ મંજુરીથી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એ.વી.શાહ)
સેક્શન-અધિકારી,
શિક્ષણ વિભાગ

નોંધ : ના. વિ. નો તા. ૧૫-૧-૧૦ માહે માર્ચ-૧૦ના પેન્શનર જગતના પાન નં. ૧૧ ઉપર પ્રસિધ્ધ કરેલ છે જે વંચાણે લેવા વિનંતી છે.

રાજ્યની તમામ શાળાઓના શિક્ષકો તથા આચાર્યોને જમા પ્રાપ્ત રાજા/અર્ધપગારી રજાનું નિવૃત્તિ સમયે રોકડમને રૂપાંતર કરવા દેવા બાબત.

ગુજરાત સરકાર, નાણા વિભાગ,
એલવીઈ-૧૦૯૮-૧૦૨૪-૫,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૬-૭-૯૯

**વંચાણમાં લીધા :**

૧. ના. વિ. નં. તા. ૨૬/૩/૯૧ ના ઠ.પ. એલવીઈ-૧૦૯૦ (ડી.૩૦)૫,
૨. ના. વિ. નં. તા. ૧૯/૨/૯૮ ના ઠ. ૫. પીવીઆર-૧૦૯૮-૨૦-એમ

**ઠરાવ :**

આ મુખના ક્રમાંક ૧ થી દર્શાવેલ નાણા વિભાગના ઠરાવોથી રાજ્યની સરકારી/બિનસરકારી માધ્યમિક/ઉચ્ચ માધ્ય. શાળા/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ તથા જિલ્લા પંચાયત હસ્તકની પ્રાથમિક શાળાઓના શિક્ષકો તથા આચાર્યોના ખાતે જમા પ્રાપ્ત રજા તથા અર્ધપગારી રજાઓનું તેમની નિવૃત્તિ સમયે બંને મળીને કુલ ૨૪૦ દિવસનું રોકડમાં રૂપાંતર કરવા દેવા માટેની જોગવાઈ કરવામાં આવી છે તેમ અંતઃ સુધારો કરીને આ પ્રાપ્ત રજા તથા જમા હેલી અર્ધપગારી રજાના અડધા ભાગની રજા એમ બંને મળી કુલ ૩૦૦ (ત્રણસો દિવસપુરા) દિવસની મર્યાદામાં રજાનું રોકડમાં રૂપાંતર કરવા દેવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ ઠરાવનો લાભ આમુખમાં ક્રમાંક:૧ માં દર્શાવેલ કિસ્સાઓમાંથી મળી શકશે. તથા ક્રમાંક-૧ અને ક્રમાંક-૨ આગળ દર્શાવેલ ઠરાવની અન્ય જોગવાઇઓ યથાવત લાગુ પડશે.

૩. આ ઠરાવનો અમલ તા. ૧ જુલાઈ ૧૯૯૭ થી કરવાનું ઠરાવવામાં આવે છે. ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રીમતી એલ.એમ. ઓઝા
ઉપસચિવ